ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૮/૨૨-૨૩/ 924 તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૮/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ,**
**રે.ખોડુ, પોસ્ટ-દુધરેજ,**
**તા.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં-**

**વિષય : પેન્ડીગ યુનિટનું મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૩/૦૨/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૨૨-૨૩/3 તા.૨૨/૦૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૨૨-૨૩/૦૮ તા.૨૨/૦૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૩/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **રાજ સીતાપર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૮/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૩/૦૩/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી જે.બી. ઉપાધ્યાય, કાંર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ, મું.દુધરેજ, જી. સુરેન્દ્રનગરની પેન્ડીગ યુનિટનું મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૮/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૨૨–૨૩/૩ તા.૨૨/૦૨/૨૦૨૩, થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૦૩/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **શ્રી જે.બી. ઉપાધ્યાય**, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જયભારત સાથ આપ સાહેબને અમારી નમ્ર વિનંતી સાથે અરજ છે કે, અમો ઉપરોકત જગ્યાએ કાયમી રહીએ છીએ. અમો અરજદાર પીજીવીસીએલ કચેરી રાજસીતાપુર માંથી વિજ જોડાણ દુકાન માટે મેળવેલ તેનો ગ્રાહક નં–૭૨૭૨૮૦૦૭૬૨૪ છે. સદર મીટર તા.૧૪/૦૨/૨૦૧૮ ના રોજ ઓડીટ પારા મુજબ બદલાવવામાં આવતા લેબમાં પેન્ડીગ યુનિટ ૫૦૦૦ નીકળતા ઓડીટ ટીમ દ્વારા રકમ રૂ.૩૭,૩૭૫/– ની રીકવરી અમોને કહેલ છે. સદર રીકવરી નોટીસ ખોટી કાઢવામાં આવેલ છે. જે બાબતે અમોએ તા.૦૫/૦૨/૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ કચેરી રાજસીતાપુર માં અરજી આપી હતી. ત્યારબાદ, પણ અમોએ અરજી આપેલ હતી.

૧.૨ સદર અરજીના અનુસંધાને તા.૦૩/૦૩/૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ કચેરી રાજસીતાપુર ના કાર્યપાલક ઈજનેર ધ્રાંગધ્રા વિભાગીય કચેરીમાં અમારી અરજી મુજબ તા.૧૯/૦૨/૨૦૧૮ ના મીટર ચેન્જ ના પ્રફોર્મા

P.G.V.C.L. Bhavnagar

નં–૬૯૩૪ માં ખરેખર ૪૪૭૭ રીડીગની જગ્યાએ ૯૪૭૭ રીડીગ થયેલું જણાય છે જે ખરેખર મીટરના છેલ્લા રીડીગ ૪૪૭૭ હતા. આમ, અમો ખરેખર ૫૩ યુનિટની એવરેજ મુજબનું બીલ આવે છે તે લેટર આ સાથે રજૂ રાખીએ છીએ.ઉપરોકત ખોટા બિલની લેણી રકમ રૂા.૩૯,૨૦૪/૫૯ ની નોટીસ તા.૨૫/૦૨/૨૦૨૨ થી આપવામાં આવેલ છે. જે તદન ખોટી રીતે આપવામાં આવેલ છે.

૧.3 ત્યારબાદ,કંપની દ્વારા લીગલ નોટીસ તા.૨૮/૧૦/૨૦૨૨ થી આપવામાં આવેલ. તા.૦૨/૧૧/૨૦૨૨ થી નામ.કા.સેવા સીની.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ, ધ્રાંગધ્રા ની નોટીસ આવેલ છે અને છેલ્લી તા.૨૭/૦૧/૨૦૨૩ થી તાલુકા કાનૂની સેવા સમિતિ અને પ્રિન્સીપલ જજ સાહેબની કોર્ટ, ધ્રાંગધ્રા ની લીગલ નોટીસ આવેલ. અમો, તા.૧૧/૦૨/૨૦૨૩ ને શનિવારના રોજ મુદતે નામ.કોર્ટ માં હાજર રહેલ અને પીજીવીસીએલ કચેરીના અધિકારી પણ નામ.કોર્ટમાં આવેલ અને અમારી તમામ દલીલો તથા અમારા કાગળો તપાસેલ અને અમોને કહેલ કે તમારૂં બિલ શરત ચૂક અને ભૂલથી પેન્ડીગ યુનિટની રીકવરી નોટીસ કાઢવામાં આવેલ છે. જેથી હવે અમો આમાં કાંઈ કરી શકીએ તેમ નથી. જેથી, તમારે અમારી ઉપલી કચેરી ગ્રાહક ફોરમ ભાવનગરમાં અરજી આપો તે અધિકારી સિવાય સુધારો ન થાય તેથી આપ સાહેબને અમે હાલની અરજી આપીએ છીએ.

આપ સાહેબને અમારી નમ્ર વિનંતી છે કે, અમો ગરીબ વર્ગના માણસો છીએ અને અમારૂં રીડીગ બિલ પેન્ડીગ ખોટું અપાયેલ છે. જે બંનેના પક્ષ ને ધ્યાને લઈ અમારૂં હાલની નોટીસમાં જણાવેલ બિલની રકમ રૂા.૩૯૭૫૩/૩૭ તાત્કાલીક ધોરણે માફ કરવા અમારી નમ્ર અરજ છે.

અમો નિયમોનુસાર અમારૂં બાકી નીકળતું સરેરાશ યુનિટ ૫૩ યુનિટનું બિલ ભરવા તૈયાર અને ખુશી છીએ તો તાત્કાલીક અમારી નોટીસમાં જણાવેલ બિલની રકમ માફ કરવા અને અમોને ન્યાય આપવા અમારી અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી પ્રહલાદભાઈ ડાયાલાલ પટેલ, ખોડુ ગ્રાહક નં–૭૨૭૨૮/૦૦૭૬૨/૪ થી NRGP નું પીજીવીસીએલ રાજસીતાપુર પેટા વિભાગીય કચેરી ખાતે વિજ કનેકશન ધરાવતા હતા. સદર ગ્રાહક નંબરમાં તા.૨૦/૦૮/૨૦૧૯ થી તા.૩૦/૦૮/૨૦૧૯ દરમ્યાન થયેલ ઓડિટ વર્ષ એપ્રિલ–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ એનેક્ષ્યર A–૧ પર નંબર ૧–૪ ના સીરીયલ નંબર–૭ મુજબ પેપર પેક રજીસ્ટર તેમજ ૬૭૩૪ પડીકા નંબર–૭૬૬૫ લેબ રીપોર્ટ મુજબ તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ ખુલતા ગ્રાહકને ૫૦૦૦ પેન્ડીગ યુનિટની રીકવરી કાઢવામાં આવેલ. જે ભરપાઈ કરવા પત્ર નં–૩૮૨૦ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ રકમ રૂા.૩૭,૩૭૫/– ભરપાઈ કરવા પત્ર થી જાણ કરવામાં આવેલ જે રકમ ભરપાઈ ન કરતા તે રકમની ડી.આર તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ T.R.No.27527903/05/06 થી તેમના ખાતે ડી.આર કરેલ જે રકમ ભરપાઈ નહી કરતા તેમનું વિજ જોડાણ કાપવામાં આવેલ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી પ્રહ્લાદભાઈ ડાયાભાઇ પટેલ દ્વારા તેમના વાણીજ્ય વપરાશના વીજ બીલ માં પ્રતિવાદીની કચેરી દ્વારા યુનિટ વપરાશ પેન્ડીંગ રાખી મોટી રકમનું બીલ આપતા તકરાર ઉભી થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજની તા. ૦૩.૦૩.૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારોએ હાજર રહી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

૩.૩ આ તબક્કે રજુ થયેલ રેકર્ડને રાજુઆતોને ધ્યાને લઇ ફોરમને જણાય છે કે પ્રતિવાદીની કચેરી દ્વારા તા.૨૦/૦૮/૨૦૧૯ થી ૩૦/૦૮/૨૦૧૯ દરમ્યાન થયેલ ઓડીટ વર્ષ એપ્રિલ–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ મુજબ ગ્રાહક ને પેપર પેક રજીસ્ટર તેમજ લેબ રીપોર્ટ મુજબ ગ્રાહકને ૫૦૦૦ પેન્ડીગ યુનીટ નું રૂા.૩૭,૩૭૫–૦૦ બીલ આપવામાં આવેલ છે.**જયારે કે** મીટર ચેન્જના પ્રફોર્મા નં–૬૯૩૪ માં ખરેખર યુનીટ ૯૪૭૭ રીડીગ દર્શાવેલ છે.

૩.૫ એનાલોગ મીટર હોવાના કારણે MRI રીપોર્ટ લઈ શકાય તેમ નથી. એલ.ટી.બીલીંગ માં મીટર ચેન્જ સમયે પ્રફોર્મા નંબર–૬૯૩૪ માં દર્શાવેલ ૯૪૭૭ ના બદલે કર્મચારી ની ભુલ થી ૪૪૭૭ રીડીગ લેવામાં આવેલ છે. આથી તફાવત ના ૫૦૦૦ યુનીટ નું બીલ રૂા.૩૭,૩૭૫–૦૦ રીકવરી બીલ યોગ્ય છે. જે ગ્રાહકશ્રી એ ભરપાઈ કરવું.

૩.૬ સદર તફાવત ના યુનીટના ખામીયુક્ત મીટર રીડીંગ બાબતે જવાબદાર કર્મચારી સામે કંપનીના નિયમોનુંસાર પગલા લેવા.

<u>**–:: હુકમ ::–**</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ અને ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૩/૦૩/૨૦૨૩.